પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૫૦ | ૦૮ ઓગસ્ટ, ૨૦૨૩, મંગળવાર; અધિક શ્રાવણ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# લોકશાહી પર બોલવાનો કોંગ્રેસને અધિકાર નથી : અમિત શાહ

**રાજ્યસભામાં ૧૩૧ વિરૂદ્ધ ૧૦૨ મતે દિલ્હી સર્વિસ બીલ રાજ્યસભામાં પસાર : કેન્દ્ર સરકારને કોઈ રાજ્યની સત્તા લઈ લેવાની જરૂરીયાત નથી, કારણ કે આ દેશની જનતાએ અમને પુરતી સત્તા આપી છે : અમિત શાહ**



નવી દિલ્હી, તા. ૭

લોકસભામાંથી પસાર થયા બાદ દિલ્હી સર્વિસ બીલ દિલ્હી સર્વિસ બીલ (ગવર્મેન્ટ ઓફ નેશનલ કેપીટલ ટેરેટરી ઓફ દિલ્હી સુધારા બીલ) આજે રાજ્યસભામાં ચર્ચા માટે મુકાયા બાદ ચર્ચા દરમ્યાન ઉઠાવાયેલા મુદ્દાઓનો સરકારવતી રાજ્ય સભામાં ગૃહમંત્રી અમિત શાહે અત્યંત અસરકારક અને પ્રભાવક જવાબ આપ્યો હતો. પૂર્ણ આત્મવિશ્વાસ અને સંપૂર્ણ અભ્યાસ સાથે રાજ્યસભામાં જવાબ દેવા ઉભા થયેલા અમીત શાહે કોંગ્રેસ અને વિપક્ષોને આડે હાથ લીધા હતા. અમિત શાહે જણાવ્યુ હતુ કે કેન્દ્ર સરકારને કોઈ રાજ્યની સત્તા લઈ લેવાની જરૂરીયાત નથી. કારણ કે આ દેશની જનતાએ અમને પુરતી સત્તા આપી છે. દિલ્હી સરકારની અનીયમીતતા ઉપર પ્રકાશ પાડતા અમિત શાહે જણાવ્યુ હતુ કે દિલ્હીની વિધાનસભાનુ સત્રાવસાન થતુ જ નથી.

વળી દિલ્હી સરકારની કેબીનેટ પણ નિયમીત રીતે મળતી નથી. આંકડાઓનો સહારો લઈને અમિત શાહે એવો ખુલાસો કર્યો કે

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપ ૨૦૨૪માં સરકાર બનાવશે : સર્વે

**સર્વેમાં થયો મોટો ખુલાસો : વોટની ટકાવારીની વાત કરીએ ભાજપને ૪૨.૫ ટકા વોટ મળી શકે છે : તો ઇન્ડિયા ગઠબંધનને ૨૪.૯ ટકા વોટ મળવાની ધારણા છે, અન્ય પાસે ૩૨.૬ ટકા વધુ વોટ શેર હોવાનો અંદાજ છે**

નવી દિલ્હી, તા.૭

૨૦૨૪માં યોજાનારી લોકસભાની ચૂંટણી માટે ગયા મહિને એક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના આધારે ભાજપની બેઠકોમાં ઘટાડો થવાનો અંદાજ છે. આ સર્વે India Tv CNX Survey દ્વારા ઈન્ડિયા ગઠબંધનની રચના પછી આગામી લોકસભા ચૂંટણી માટે જનતાના મૂડને માપવા માટે કરવામાં આવ્યો હતો. જેના પરિણામો ચોંકાવનારા છે. સર્વેના આંકડા મુજબ પીએમ મોદી ત્રીજી વખત પણ વડાપ્રધાન બની શકે છે. જો આમ થશે તો મોદી પંડિત જવાહરલાલ નેહરુ પછી સતત ત્રણ ટર્મ સુધી પીએમ બનવાના રેકોર્ડની બરાબરી કરશે. સર્વેમાં ભાજપના નેતૃત્વમાં એનડીએને જબરદસ્ત બહુમતી મળવાની આશા છે. એનડીએ ગઠબંધન ૩૧૮ સીટો જીતી શકે છે. જ્યારે વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાને ૧૭૫ બેઠકો મળવાની ધારણા છે, જ્યારે અન્યને ૫૦ બેઠકો મળવાની ધારણા છે. વોટની ટકાવારીની વાત કરીએ તો ઈન્ડિયા ગઠબંધનને ૨૪.૯ ટકા વોટ મળવાની ધારણા છે. અન્ય પાસે ૩૨.૬ ટકા વધુ વોટ શેર હોવાનો અંદાજ છે. જ્યારે એકલા ભાજપને ૪૨.૫ ટકા વોટ મળી શકે છે.

પોતાના દમ પર બેઠકો મેળવવાની વાત કરીએ તો કોંગ્રેસને ૬૬ બેઠકો જીતવાની આગાહી કરવામાં આવી છે જ્યારે ભાજપ પોતાના દમ પર ૨૯૦ બેઠકો જીતવાની ધારણા છે. જો કે આ આંકડા મુજબ ભાજપ અને એનડીએ બંનેની સીટોમાં ઘટાડો થયો છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં એનડીએને ૩૫૩ બેઠકો મળી હતી, જ્યારે ભાજપ એકલા હાથે ૩૦૩ બેઠકો જીતવામાં સફળ રહ્યું હતું. જેના આધારે એનડીએને ૩૫ અને ભાજપને ૧૩ બેઠકોનું નુકસાન થવાની ધારણા છે. આ હિસાબે કોંગ્રેસની બેઠકો વધવાની ધારણા છે. ગત લોકસભા ચૂંટણીમાં પાર્ટીને ૫૨ બેઠકો મળી હતી. તે દૃષ્ટિકોણથી આ વખતે દેશની સૌથી જૂની પાર્ટીને ૧૪ બેઠકો મળવાની ધારણા છે.

# ચંદ્રયાન-૩માંથી દેખાયો ચંદ્રનો અદભૂત નજારો

**ઈસરોએ રિલીઝ કર્યો પહેલો વિડીયો : તેને ચંદ્રની ખરબચડી સપાટી પર ચલાવવામાં આવશે, મિશન અંતર્ગત ચંદ્રની સપાટી પર જ અનેક પ્રયોગો કરવામાં આવશે**

નવી દિલ્હી, તા.૭

ેંજીઈનું ચંદ્ર પરનું મિશન અત્યાર સુધી સારું ચાલી રહ્યું છે અનેેંજીઈને આશા છે કે વિક્રમ લેન્ડર આ મહિનાના અંતમાં ૨૩ ઓગસ્ટે ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડિંગ કરશે. ચંદ્રયાન-૩ને ૨૨ દિવસ પહેલા ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર લેન્ડ કરવા માટે લોન્ચ કરવામાં આવ્યું હતું, જ્યાં અત્યાર સુધી કોઈ દેશ પહોંચી શક્યો નથી. ભારતનું ત્રીજું માનવરહિત ચંદ્ર મિશન ચંદ્રયાન-૩ શનિવારે ચંદ્રની ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક પ્રવેશ્યું છે. ભારતના ચંદ્રયાન-૩ અવકાશયાને ૫ ઓગસ્ટ, ૨૦૨૩એ શનિવારે સાંજના ૭:૧૫ વાગ્યે ચંદ્રની ભ્રમણકક્ષામાં સફળ અને સરળ રીતે પ્રવેશ કર્યો છે. આ સાથે જ ચંદ્રયાન-૩ મિશન હેઠળ ચંદ્રની પ્રથમ તસવીર પણ સામે આવી ગઈ છે. આ દરમિયાન ચંદ્રની ફરતે ચક્કર લગાવી રહેલા સ્પેસક્રાફ્ટમાં લાગેલા કેમેરામાં ચંદ્રનો એક વીડિયો પણ કેદ થયો છે. વીડિયોમાં ચમકદાર ચંદ્ર જોવા મળી રહ્યો છે. વીડિયોમાં સ્પેસક્રાફ્ટમાં લાગેલી સોલાર પેનલ પણ જોવા મળી રહી છે.




ચાંદની આ પ્રથમ ઝલકને ઈસરોએ ટ્વિટર પર શેર કરી છે. ચંદ્રયાન-૩ મિશન ૧૪ જુલાઈએ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાથી લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પછી અવકાશયાન પૃથ્વીની પાંચ પરિક્રમા કરીને ચંદ્ર તરફ રવાના થયું. શનિવારએ મિશન માટે મહત્વપૂર્ણ દિવસ હતો, કારણ કે ચંદ્રયાન-૩એ લૂનર ઓર્બિટ ઈન્સર્શન પૂર્ણ કર્યું હતું. સરળ ભાષામાં સમજીએ તો ચંદ્રયાન-૩ મિશન ચંદ્રની કક્ષામાં પહોંચી ગયું છે. હવે ચંદ્રયાન અવકાશયાનને ચંદ્રની ચાર પરિક્રમા કરવાનું છે અને તે પછી જ્યારે તે સપાટીની નજીક પહોંચશે ત્યારે તે ઉતરવાની તૈયારી પણ કરશે.

# રાહુલ ગાંધીના સાંસદપદને લોકસભા સ્પિકરે મંજૂરી આપી

નવી દિલ્હી, તા.૭

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટ દ્વારા રાહત અપાયા બાદ હવે તેમના સાંસદ સભ્ય પદને લઈ મોટા સમાચાર મળી રહ્યા છે. હવે લોકસભા સ્પીકરે તેમના સાંસદ પદ માટે મંજૂરી આપી દીધી છે. તેમનું સાંસદ પદ બહાલ થઈ ગયું છે. તેઓ હવે ફરી સંસદમાં જોવા મળશે. વિપક્ષી ગઠબંધન માટે આ મોટા સમાચાર માનવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે સુરતની કોર્ટે મોદી માનહાનિ કેસમાં ૨ વર્ષની સજા ફટકારી હતી તેના બાદથી તેમનું સાંસદ પદ છીનવી લેવાયું હતું. જોકે આ મામલે ગુજરાત હાઈકોર્ટે પણ તેમને આંચકો આપ્યો હતો અને સજા યથાવત્ રાખી હતી. જોકે છેવટે સુપ્રીમકોર્ટે આ મામલે સવાલો ઊઠાવતાં તેમને રાહત આપી હતી. જેના પછી રાહુલ ગાંધીની સજા પર રોક લગાવાઈ હતી. લોકસભા સચિવાલય તરફથી આ મામલે નોટિફિકેશન જાહેર કરી દેવામાં આવતા કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓમાં ખુશીની લહેર દોડી ગઈ હતી. હવે રાહુલ ગાંધી ફરીવાર સંસદમાં જોવા મળશે. તેઓ તાજેતરમાં ચોમાસા સત્રમાં પણ ગૃહમાં જોવા મળી શકે છે. તેમનું સાંસદ પદ મેળવવા માટે કોંગ્રેસ દ્વારા તમામ દસ્તાવેજી કાર્યવાહી પૂરી કરાયા બાદ માત્ર લોકસભા સ્પીકરની મંજૂરી મેળવવા માટે જ આ મામલો અટવાઈ રહ્યો હતો. હવે આ મંજૂરી મળતાં સંસદ પહોંચવાનો રાહુલનો માર્ગ સાફ થઈ ગયો છે.

એનસીપી નેતા અને લક્ષદ્વીપના સાંસદ પી.પી. મોહમ્મદ ફૈઝલના કેસમાં બહાલીમાં એક મહિનાથી વધુ સમય લાગી ગયો હતો. જોકે હવે સુપ્રીમ કોર્ટે તેમની સજા પર રોક લગાવતા કહ્યું હતું કે ટ્રાયલ જજ દ્વારા મહત્તમ સજા સંભળાવવા માટે કોઈ કારણ આપવામાં આવ્યું નથી.

# પૂંછમાં એલઓસી નજીક બે આતંકવાદીઓ ઠાર

**જમ્મુ-કાશ્મીરના પૂંછમાં સૈન્યનું ઓપરેશન : સવારે ભારતીય સૈન્ય અને સ્થાનિક પોલીસના સંયુક્ત અભિયાન હેઠળ આ ઘૂસણખોરીને નિષ્ફળ બનાવાઈ**

જમ્મુ, તા.૭

જમ્મુ-કાશ્મીરના પૂંછ જિલ્લામાં એલઓસી નજીક સૈન્યએ ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો. આ દરમિયાન બે આતંકીઓને ઠાર મરાયા હતા. એક સંરક્ષણ અધિકારીએ આ માહિતી આપી હતી. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા લેફ્ટનન્ટ કર્નલ સુનીલ બર્તવાલે કહ્યું કે પૂંછ જિલ્લામાં ઘૂસણખોરીના પ્રયાસોને નિષ્ફળ બનાવી દેવાયા છે. ૬-૭ ઓગસ્ટની સવારે ભારતીય સૈન્ય અને સ્થાનિક પોલીસના સંયુક્ત અભિયાન હેઠળ આ ઘૂસણખોરીને નિષ્ફળ બનાવાઈ હતી. તેમાં બે આતંકીઓને સૈન્ય અને પોલીસની સંયુક્ત ટીમે ઠાર માર્યા હતા.

એક આતંકવાદીને તાત્કાલિક ઢળી પડેલો જોયો અને બીજા આતંકીએ એલઓસી પરથી પાછા ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો. જોકે બાદમાં તેને પણ ઠાર મરાયો હતો. તેને પણ ઢળી પડતો જોયો હતો. ઓપરેશન હજુ ચાલુ હોવાની માહિતી મળી રહી છે.

# આઠ વર્ષમાં દેશમાં રોકાણમાં ૬૫ ટકાનો જંગી વધારો નોંધાયો

**ભારત વિશ્વની પાંચમા નંબરની અર્થ વ્યવસ્થા છે : છેલ્લા સાત નાણાકીય વર્ષોમાં, દેશમાં ૪૪૩ અબજ ડોલરથી વધુનો એફડીઆઈનો પ્રવાહ જોવા મળ્યો**

નવી દિલ્હી, તા.૭

ભારત દેશની અર્થવ્યવસ્થા વિશ્વની પાંચ નંબરની સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. આ સાથે એવું અનુમાન પણ લાગવામાં આવી રહ્યું છે કે, વિકાસમાં થઈ રહેલા સતત વધારાથી ૨૦૨૭ સુધીમાં ૫ ટ્રીલીયનનો લક્ષ્યાંકને હાંસલ કરી લઈશું અને વિશ્વની અર્થવ્યવસ્થાઓમાં ત્રીજા સ્થાને પહોંચી જશું. તેમાં મહત્વનો ફાળો દેશમાં થઈ રહેલા રોકાણનો છે.

દેશમાં ૧૪-૧૫ થી ૨૨-૨૩ વચ્ચે રોકાણ રૂ. ૩૨,૭૮,૦૯૬ કરોડથી ૬૫ ટકા વધીને રૂ. ૫૪,૩૪,૬૯૧ કરોડ થવાની તૈયારીમાં છે. ભારતીય અર્થતંત્રમાં ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ફોર્મેશન દ્વારા દર્શાવ્યા મુજબ સરકાર અને ખાનગી ક્ષેત્ર એકસાથે અર્થતંત્રમાં રોકાણ કરે છે. દેશમાં રોકાણને પ્રોત્સાહન આપવા માટે, સરકાર મૂડી ખર્ચ માટે રાજ્યોને વિશેષ સહાયની યોજના અને મૂડી રોકાણ માટે રાજ્યોને વિશેષ સહાયની યોજનાનો પણ અમલ કરે છે. કેન્દ્રએ સ્વાસ્થ્ય, શિક્ષણ, સિંચાઈ અને વીજળી જેવા ક્ષેત્રો સાથે સંબંધિત મૂડી પ્રોજેક્ટ સહિત મૂડી પ્રોજેક્ટ પર મૂડી ખર્ચ માટે ૫૦ વર્ષની વ્યાજ-મુક્ત લોનના સ્વરૂપમાં વિશેષ સહાય મંજૂર કરી છે. ભારતમાં ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ પણ ૨૦૧૪-૧૫ થી સતત વધ્યું છે. છેલ્લા સાત નાણાકીય વર્ષોમાં, દેશમાં ૪૪૩ અબજ ડોલરથી વધુનો એફડીઆઈનો પ્રવાહ જોવા મળ્યો છે.

# ટી૨૦માં સૌથી વધુ વિકેટ લેનાર હાર્દિક ત્રીજો ભારતીય બોલર

**ભારત બીજી ટી૨૦માં પણ વિન્ડીઝ સામે હાર્યું : હાર્દિક પંડ્યાએ આ મામલે અશ્વિનને પાછળ છોડી દીધો**




બાર્બાડોસ, તા.૭

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રમાઈ રહેલી ૫ મેચની ટી૨૦ સિરીઝની બીજી મેચમાં ટીમ ઈન્ડિયાને ૨ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. જો કે આ મેચમાં કેપ્ટન હાર્દિક પંડ્યાનું બોલ અને બેટ બંને સાથે શાનદાર પ્રદર્શન જોવા મળ્યું હતું. આ મેચમાં હાર્દિકે ૧૮ બોલમાં ૨૪ રનની ઈનિંગ રમી હતી. આ સાથે જ તેણે ૩ વિકેટ પણ ઝડપી હતી. બોલિંગની શરૂઆત કરતા પંડ્યાએ પહેલી જ ઓવરમાં ૨ વિકેટ ઝડપી હતી.

હાર્દિકે ઈનિંગ્સના પહેલા જ બોલ પર વેસ્ટ ઈન્ડિઝ ટીમના ઓપનિંગ બેટ્સમેન બ્રેન્ડન કિંગને પેવેલિયન ભેગો કર્યો હતો. આ પછી ઓવરના ચોથા બોલ પર હાર્દિકે જોન્સન ચાર્લ્સને તિલક વર્માના હાથે કેચ આઉટ કરાવીને વિન્ડીઝ ટીમને બીજો ઝટકો આપ્યો હતો. આ મેચમાં ૩ વિકેટ મેળવવાની સાથે હાર્દિકે એક મોટી સિદ્ધિ પણ હાંસલ કરી લીધી છે. હવે તે ભારતીય ટીમ તરફથી ટી૨૦ ઈન્ટરનેશનલમાં સૌથી વધુ વિકેટ લેનારો ત્રીજો ભારતીય બોલર બની ગયો છે.

હાર્દિક પંડ્યાએ આ મામલે રવિચંદ્રન અશ્વિનને પાછળ છોડી દીધો છે, જેના નામે ૭૨ વિકેટ છે. હાર્દિકે ૮૯ મેચમાં ૭૩ વિકેટ ઝડપી છે.

# અંતરિક્ષમાં ૮૪૦૦ ટન કચરો, પૃથ્વી પર તબાહીની શક્યતા

**અંતરિક્ષમાં પણ કચરાની સમસ્યા વકરી : અંતરિક્ષમાં કચરો મોટાભાગે ૧૮ હજારથી લઈને ૨૮ હજાર માઈલ્સ પ્રતિ કલાકની ઝડપે પૃથ્વીની કક્ષામાં ફરે છે**

નવી દિલ્હી, તા.૭

કચરાની સમસ્યા ફક્ત પૃથ્વી પર જ નહીં પરંતુ અંતરિક્ષમાં પણ વધતી જઈ રહી છે. પૃથ્વીની કક્ષામાં માનવીએ બનાવેલી અનેક કૃત્રિમ વસ્તુઓ સમય અને ઉદ્દેશ્ય પૂરો થયા બાદ જ હજુ અંતરિક્ષમાં ફરી રહી છે. નાસાએ જણાવ્યું કે આશરે ૮૪૦૦ ટન કચરો અંતરિક્ષમાં થઈ ગયો છે. જેમાં મોટાભાગે ૧૮ હજારથી લઈને ૨૮ હજાર માઈલ્સ પ્રતિ કલાકની ઝડપે પૃથ્વીની કક્ષામાં ફરે છે. જો તેમાંથી એક પણ ઓબ્જેક્ટ પૃથ્વી પર ક્યાંક પડશે તો તે ભારે તબાહી મચાવી શકે છે.

વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે રોકેટ સ્ટેજ જે અંતરિક્ષમાં પહોંચીને સેટેલાઈટ લોન્ચ કર્યા બાદ ત્યાં જ રહી ગયા છે. રોકેટના આગળના કોન, પેલોડના કવર, બોલ્ટ્સ અને મહદઅંશે ભરાયેલી ફ્યૂઅલ ટેંક, બેટરી અને લોન્ચિંગ સંબંધિત અન્ય હાર્ડવેર અંતરિક્ષમાં કાટમાળ તરીકે હાજર છે. નાસાના જણાવ્યાનુસાર અંતરિક્ષમાં હાલના સમયે ૨૦ હજારથી પણ વધુ નાના-મોટાં ઉપકરણો કચરો બની ગયા છે અને પૃથ્વીની નીચલી કક્ષામાં ચક્કર લગાવી રહ્યા છે. નાસાના જણાવ્યા અનુસાર, અંતરિક્ષ કાટમાળને ટ્રેક કરવાની ક્ષમતામાં સુધારાથી સેટેલાઈટ ઓપરેટિંગ અને માનવ અંતરિક્ષ મિશનના જોખમોને ઘટાડવામાં મદદ મળી શકે છે. અંતરિક્ષમાં હાલના સમયે રશિયાના ૭૦૩૨, અમેરિકાના ૫૨૧૬, ચીનના ૩૮૫૪, ફ્રાન્સના ૫૨૦, જાપાનના ૧૧૭ અને ભારતના ૧૧૪ સેટેલાઈટ અને રોકેટ્સ છે. તે ૧થી ૧૦ સેમી જેટલાં આશરે ૫ લાખથી વધુ સ્પેસ જંક છે. આ કાટમાળમાં સતત વધારો થશે કેમ કે અંતરિક્ષ ઉદ્યોગ ઝડપથી વિકસી રહ્યો છે.

નાસાના અહેવાલ અનુસાર ભારતના ૨૦૬ ટુકડાં છે. તેમાં ૮૯ ટુકડા પેલોડ અને ૧૧૭ ટુકડા રોકેટના છે. જોકે ભારતથી લગભગ ૨૦ ગણો વધુ કાટમાળ ચીનનો છે. તેના લગભગ ૩,૯૮૭ ટુકડા અંતરિક્ષમાં ફરી રહ્યા છે. આ ઓબ્જેક્ટ ૦.૧૧ સેમથી અનેક મીટરના હોઈ શકે છે.

જો એક પણ ઓબ્જેક્ટ ક્યાંક પડશે તો ભારે તબાહી મચાવી શકે છે. એકવાર વપરાતા રોકેટની જગ્યાએ ફરી ઉપયોગમાં લેવાતા લોન્ચ વ્હિકલ્સનો ઉપયોગ કરવાથી પેદા થતાં નવા કાટમાળની માત્રાને ઘટાડવામાં મદદ મળી શકે છે. તેના માટે સામગ્રી અને ડિઝાઈનમાં સુધારો કરવાની જરૂર છે.

**જોઈએ છે**

પ્રોડક્શન તેમજ ડીસ્પેચનું કામ સંભાળી શકે તેવા

**સુપરવાઈઝર**

કોમ્પ્યુટર જાણકાર, ગ્રેજ્યુએટ

ઉમેદવારે બાયોડેટા દિન-૨માં નીચેના સરનામે મોકલી આપવો.

**કેપિટલ ઓફસેટ**
એલ-૮૦૧/૧, જીઆઈડીસી, સેકટર-૨૮, ગાંધીનગર

**હાર્દિક અભિનંદન**



ગાંધીનગર જીલ્લા તથા ઉત્તર ગુજરાતનું લોકપ્રિય અખબાર ગાંધીનગર સમાચારનું સંચાલન સંભાળવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ...

**હાર્દિક શુભેચ્છાઓ...**

**હસમુખભાઈ પટેલ**
**(ડી.કે. ડભોડા)**

પૂર્વ પ્રમુખ : ગાંધીનગર જીલ્લા ભાજપ કિસાન મોરચો
પ્રમુખ : શ્રી કેળવણી મંડળ ડભોડા સંચાલિત એમ.એચ. વિદ્યામંદિર
પૂર્વ સરપંચ : ડભોડા ગ્રામ પંચાયત

